| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૪/૦૮/૨૦૨૩   ગુરૂવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**"કૃષ્ણનગર પો.સ્ટે. વિસ્તારમાંથી વરલી મટકાના સટ્ટાનો જુગાર રમતા ૨ ઈસમોને કુલ રૂપિયા ૩૦,૨૪૦/- ના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી."**

પોલીસ કમિશ્નર શ્રી જી.એસ.મલિક સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારૂ સુચના આપેલ જે આધારે તા.૨૩.૮.૨૩ ના રોજ પી.સી.બી. પોલીસ સબ ઈન્સપેકટર શ્રી વી.જી.ડાભી તથા સ્ટાફના મ.સ.ઈ.જગદેવસિંહ ગુલાબસિંહ બ.ન.૧૩૪૬૭, આ.હે.કો. મહેન્દ્રકુમાર ઉદેસંગભાઈ બ.ન.૪૮૯, અ.હે.કો.પરાક્રમસિહ ભગવાનભાઈ બ.ન.૪૫૭૪, અ.હે.કો. નરેન્દ્રકુમાર મેરુભાઈ ૪૮૯૯,અ.હે.કો. ઈન્દ્રસિહ પ્રવિણસિંહ બ.ન.૬૧૬૮, અ.પો.કો. પ્રવિણસિંહ દેવેન્દ્રસિંહ બ.ન.૪૮૯૭, અ.પો.કો.પાર્થકુમાર કેતનભાઈ બ.ન.૩૯૬૧, તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા દરમ્યાન આ.હે.કો. મહેન્દ્રકુમાર ઉદેસંગભાઈ તથા અ.પો.કો.પ્રવિણસિહ દેવેન્દ્રસિંહ નાઓને સંયુક્તરીતે મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે કૃષ્ણનગર, સૈજપુર ફદેલી શકિત ચોક પાસે આવેલ મોદી ચન્દ્રકાન્તભાઈ હરગોવનદાસ નામની દુકાનના પગથીયા ઉપર જાહેરમાં આરોપીઓ નામે પિયુષ ગુણવંતભાઈ ચાવડા રહે.અંબિકા ચોક, નિરંજન મંદિરવાળી લાઈન, ફદેલી સૈજપુર બોઘા, કૃષ્ણનગર અમદાવાદ શહેર તેમજ અન્ય ૧ મળી કુલ્લે ૨ ઈસમોને વિવિધ વરલી મટકાના સટ્ટાબજારના આંક પાનાઓ લખી જુગાર રમી રમાડતા રોકડા રુપિયા ૧૦,૨૪૦/ તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૩૦,૨૪૦ /- ના મુદામાલ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી કૃષ્ણનગર પો.સ્ટે.ખાતે બી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૧૩૨૩૦૭૨૬/૨૦૨૩ જુગારધારા કલમ ૧૨(અ)મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**પકડાયેલ આરોપીઓ:** (૧) પિયુષ ગુણવંતભાઈ ચાવડા રહે.અંબિકા ચોક, નિરંજન મંદિરવાળી લાઈન, ફદેલી સૈજપુર બોઘા, કૃષ્ણનગર અમદાવાદ શહેર (૨) અશ્વીન પથુભાઈ પરમાર રહે. ગાંડાલાલની ચાલી, સિકોતર ચોક, ખોડીયાર મંદિરની પાસે, ફદેલી સૈજપુર બોઘા, કૃષ્ણનગર

**નહી પકડાયેલ આરોપી:** અશોકભાઈ શર્મા રહે. શકિત ચોક , , ફદેલી સૈજપુર બોઘા, કૃષ્ણનગર

**ગુનાની જગ્યા :** કૃષ્ણનગર, સૈજપુર ફદેલી શકિત ચોક પાસે આવેલ મોદી ચન્દ્રકાન્તભાઈ હરગોવનદાસ નામની દુકાનના પગથીયા ઉપર જાહેરમાં

**પકડાયેલ મુદામાલ :** (૧) રોકડા રુપિયા ૧૦,૨૪૦/- (૨) મોબાઈલ ફોન નંગ ૨ કિ.રૂ.૨૦,૦૦૦/- (૩) વિવિધ સટ્ટા બજારના આંક પાના લખેલ પાનાઓ નંગ-૭ કિ.રૂ.૦૦ (૪) બોલપેન નંગ ૨ કિ.૦૦  મળી કુલ્લે રૂ. ૩૦,૨૪૦/ નો મુદામાલ

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૮૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૦૨ લીટર દેશી દારૂ, ૭૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૬૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૧ બિયર ટીન, ૦૧ સ્કુટર, ૦૧ મોટર સાયકલ, ૦૩ રિક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૦૮,૦૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૮૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડી અને વિશ્વાસઘાતઃ- સમાચાર યાદી નં.૧૩૯૦/૨૦૨૩

**એલીસબ્રીજઃ** શિલ્પાબહેન વા/ઓ સુમેશ ટંડન (સેઠીયા) (ઉ.વ.૩૬)(રહે.પેબેલ બેય અપાર્ટમેન્ટ ચાંદખેડા) એ તા.૨૩/૦૮/૨૦૨૩ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ઓક્ટોબર/૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન પરીમલ ગાર્ડન પાસે આવેલ ગાર્નેટ મોટર્સ (ઇન્ડીયા) પ્રા.લી. મર્સીડીઝ ના શો-રૂમ ખાતે કંપનીના કર્મચારી તરીકે કામ કરતા મિતેશ રાજુભાઇ વોરા (રહે.આર્યમાન વીલા ન્યુ રાણીપ) નાઓને શિલ્પાબહેન એ કંપની દ્વારા “ગાંધીનગર મ્યુની.કોર્પોરેશન” ખાતે ગ્રાહકોની કારના ટેક્ષના ભરવાના થતા રૂપિયા ૪,૯૩,૫૬૦/- આપેલ હોવા છતા, તે રૂપિયા ગાંધીનગર મ્યુની.કોર્પોરેશનમાં નહી ભરી તેની ખોટી રીસેપ્ટો બનાવી કંપનીમાં રજુ કરી તેમજ બીજા અલગ-અલગ મ્યુની.કોર્પોરેશન ટેક્ષના રૂપિયા તથા એજન્ટોના અને આર.ટી.ઓ. માં ભરવાના થતા રૂપિયા ૧૩,૫૮,૮૯૮/- જે-તે જગ્યાએ નહી ભરી કુલ રૂપિયા ૧૮,૫૨,૪૫૮/- પોતે મેળવી લઇ કંપની સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.જી.ચેતરીયા ચલાવે છે.

## બિનવારસી તાજુ જન્મેલુ મૃત બાળક મળી આવ્યુઃ સમાચાર યાદી નં.૧૩૯૧/૨૦૨૩

**કાગડાપીઠઃ** તા.૨૩/૦૮/૨૩ સાંજના ૪/૩૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે કાંકરીયા રોડ, પારસી અગિયારી, વેદ મંદિરની જુની ચાલીની અંદર મેડા ઉપર જવાનાં પગથિયા ઉપર તાજુ જન્મેલુ મૃત બાળક(બાબો) બીનવારસી ત્યજી દિધેલ હાલતમાં કાગડાપીઠ પોલીસને મળી આવતા કાગડાપીઠ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોંધી આ ગુનાની તપાસ પોસઇ.શ્રી વી.કે.મકવાણા ચલાવે છે

**લુંટઃ-** **સમાચાર યાદી નં.૧૩૯૨/૨૦૨૩**

**શહેરકોટડાઃ** રાખીમાસી ઉર્ફે શકીલા ચંપામાસીના ચેલા જાતે-કીન્નર (ઉ.વ.૬૫) (રહે.બહુચરમાતા ના મંદીર જી.એમ.કમ્પાઉન્ડ ગુરૂદ્વારા સામે, સરસપુર) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૮/૨૦૨૩ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘર આગળ આરોપી શાહીદ તૈલી (જેના પુરાનામની ખબર નથી) એ રાખીમાસીને "પૈસા આપ" તેમ કહી જમણા હાથે છરાના ઘા મારી તેમના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- મતાની તોડી લુંટ કરી નાસી ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જી.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૩૯૩/૨૦૨૩**

**ચાંદખેડાઃ** આશાબહેન વા/ઓ જયેશભાઇ ડામોર (ઉ.વ.૨૦)(રહે. અનન્ય વિધ્યાલયની સામે કાચા છાપરામા, ચાંદખેડા મુળ ગામ- માવી ફળીયુ, પુંસરી ગામ, તા.જી.દાહોદ) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૮/૨૦૨૩ રાતના ૮/૩૦ થી ૮/૪૫ વાગ્યા દરમ્યાન અનન્ય વિધ્યાલય નજીક કાચા છાપરા સામે ખેતરમા આવેલ બાવળના ઝાડની ડાળી સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી છે. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પી.ડી.પટેલ ચલાવે છે.

**કાલુપુરઃ** નસીમએહમદ સૌકુદીન શેખ (ઉ.વ.૩૫)(રહે.શારદા ચેમ્બર શેઠની પોળ રાતનપોળ કાલુપુર, મુળ રહે.પેકુહાગામ કાટુબા, જીઃ વર્ધમાન, પશ્ચીમ બંગાળ) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૮/૨૦૨૩ રાતના ૯/૧૫ વાગ્યા પહેલા કાલુપુર રતનપોળ શેઠની પોળ શારદા ચેમ્બર દુકાન નંબર-૯ ખાતે પોતાની જાતે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી છે. આ અંગે કાલુપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ટી.આર.અકબરી ચલાવે છે.

**વેજલપુરઃ** જગદીશચંદ્ર ખંડુભાઈ શાહ (ઉ.વ.૮૫)(રહે.બ્લોક ડી/૨, શાંતીનગર સોસાયટી વિભાગ-૧ જૈન દેરાસરની બાજુમા સોનલ રોડ વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૮/૨૦૨૩ રાતના ૧૦/૩૦ થી તા.૨૩/૦૮/૨૦૨૩ ના કલાક ૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના રહેણાક મકાનની ગેલેરીમા લોખંડની ગ્રીલ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઇ નારૂભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી